# EAM inaugurates the 15th CII-EXIM Bank Africa-India Conclave

September 22, 2020

## વિદેશ મંત્રી 15મી સીઆઈઆઈ-એક્ઝિમ (CII-EXIM) બેંક આફ્રિકા-ઈન્ડિયા કોન્ક્લેવનું ઉદ્ઘાટન કરે છે

સપ્ટેમ્બર 22, 2020

ભારતનાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે 22 સપ્ટેમ્બરનાં રોજ નવી દિલ્હીમાં ભારત-આફ્રિકા પરિયોજનાં ભાગીદારી પર 15મી સીઆઈઆઈ-એક્ઝિમ બેંક ડિજિટલ કોન્ક્લેવનાં વર્ચ્યુઅલ પ્રારંભ પર ઉદ્ઘાટનનું સંબોધન કર્યું હતું.

પ્રારંભિક સત્ર પર માનનીય મહેમાનોમાં લોકતાંત્રિક ગણરાજ્ય કોંગોનાં વડાપ્રધાન મહામહિમ શ્રી સીલ્વેસ્ટ્રે ઈલુંગા, મોરેશિયસનાં માજી વડાપ્રધાન મહામહિમ ડૉ. મોહમ્મદ અનવર હુસ્નૂ, કેન્યાનાં વિદેશી બાબતોનાં કેબિનેટ સચિવ મહામહિમ શ્રીમતિ રેચેલે અવોર ઓમામો, અને નાઈજીરિયાનાં ઉદ્યોગ, વ્યાપાર અને રોકાણ મંત્રી મહામહિમ ઓટુંબા નિયિ અદેબાયો હતા.

ડૉ. જયશંકરે આફ્રિકા-ભારત જોડાણની વિગતવાર ઝાંખી કરાવી હતી. ભારતની આઝાદીની ચળવળ અને વસાહતવાદ અને ભેદભાવથી મૂક્તિ માટેની આફ્રિકાની માંગનાં સમયથી તેનાં ચિહ્નો તપાસતા, તેણે રેખાંકિત કર્યું હતું કે આફ્રિકા તરફની ભારતની પ્રતિબદ્ધતા કેવી રીતે ચાર સ્તંભોથી રજૂ થતી હતી, અર્થાત વિકાસ ભાગીદારી, વ્યાપાર અને રોકાણ, મજબૂત લોકો-થી-લોકો વચ્ચેનાં જોડાણો, ખાસ કરીને યુવા આફ્રિકનો માટે શિક્ષણ અને ક્ષમતા નિર્માણનાં ક્ષેત્રોમાં, અને તાજેતરમાં, સંરક્ષણ અને મેરિટાઈમ સુરક્ષા. તેણે અવલોકન કર્યું હતું કે ભારતે કુલ ખર્ચ-જોગવાઈ 11.6 અબજ યુએસ ડોલર સાથેની પરિયોજનાઓ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી માંડીને આઈસીટી, વિદ્યુત નિર્માણ અને વિતરણથી માંડીને પાણી અને સિંચાઈ, રેલ્વેથી માંડીને માર્ગો, કૃષિથી ખાંડનાં પ્લાન્ટ્સની શ્રેમીઓમાં 37 આફ્રિકન દેશોમાં 194 વિકાસાત્મક પરિયોજનાઓ પૂર્ણ કરવામાં આવી હતી, અને 29 દેશોમાં વદારાની 77 પરિયોજનાઓ પૂર્ણ કરવા હાલમાં કામ કરવામાં આવી રહ્યું છે. તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત ઘર પરનાં તેનાં શ્રેષ્ઠ વિકાસ અનુભવોને આફ્રિકામાં લાવવાનું ચાલું રાખ્યું છે અને તેની ભાગીદારી સ્થાનિક સમુદાયોનું શોષણ કરવાને બદલે તેઓને સશક્ત બનાવવા માંગે છે.

વિદેશ મંત્રીએ ભારતની ડિજિટલ યાત્રાની બાબતનો સ્પર્શ કર્યો હતો જે ભારતીયોને શિક્ષણ, આરોગ્ય સંભાળ અને સુખાકારી લાભો પહોંચાડવામાં ગુણક બળ રહી છે અને તેનો આફ્રિકામાં પણ કેવી રીતે ઉપયોગ કરી શકાય તેની વાત કરી હતી: ઈ-વિદ્યા ભારતી અને ઈ-આરોગ્ય ભારતી મારફત, ટેલી-શિક્ષણ અને ટેલી-મેડિસિન સેવાઓ ઑફર કરવા માટે અગ્રેસર ભારતીય શૈક્ષણિક સંસ્થાનો અને હોસ્પિટલોને 16 આફ્રિકન દેશો સાથે જોડવામાં આવી છે.

વિદેશ મંત્રીએ એ બાબત પણ વિગતવાર જણાવી હતી કે ભારતીય રોકાણથી કેવી રીતે આફ્રિકન દેશોમાં ઊર્જા, ખાણકામ, બેન્કિંગ, કાપડ અને અન્ય ક્ષેત્રોમાં નોકરીઓનું અને તકોનું નિર્માણ થયું છે, અને વિશેષ રીતે મોઝામ્બિકમાં ગેસ ફિલ્ડમાં 7 અબજ અમેરિકન ડોલરનાં ભારતનાં ઊર્જા રોકાણ, તથા દક્ષિણ સુદાન, ઉત્તર અને પશ્ચિમ આફ્રિકામાં ઊર્જા રોકાણોની જાણ કરી હતી. તેણે જણાવ્યું હતું કે ભારતને આફ્રિકન વિદ્યાર્થીઓને તેઓની ડીગ્રીઓમાં ભણવા માટે તેમજ અસંખ્ય વિષયોમાં ટૂંકા-ગાળાનાં અભ્યાસક્રમોમાં ભણતર મેળવવા માટે આવકાર્યા છે; સમગ્ર આફ્રિકામાં જોવા મળતા ભારતૂય-

મૂળનાં સમુદાયોની પણ આફ્રિકા ખંડની માનવ મૂડીનાં તેઓનાં યોગદાન અને તેઓને આફ્રિકા દ્વારા ઑફર કરવામાં આવતા આતિથ્યની પણ નોંધ લેવામાં આવી હતી.

વિદેશ મંત્રીએ એ બાબતનો સ્વિકાર કરવા સાથે સંબોધન સમાપ્ત કર્યું હતું કે સંરક્ષણ અને સુરક્ષા સહકાર ભારત અને આફ્રિકા માટે 21મી સદીનો સ્તંભ છે: ભારતે કેટલાક આફ્રિકન દેશોમાં સ્ટાફ અને કમાન્ડ કોલેજો સ્થાપવામાં મદદ કરી હતી અને ભારતીય સૈન્ય સંસ્થાનોમાં હજારો અધિકારીઓ અને સૈનિકોને તાલીમ આપી હતી. આફ્રિકામાં શાંતિ જાળવી રાખવાની કામગીરીઓમાં ભારતનાં રેકોર્ડની પ્રશંસા કરવામાં આવી હતી અને હવે HADR મિશનોમાં સહિત મેરિટાઇમ સુરક્ષા નવી અગ્રરેખા છે.

આફ્રિકન નેતાઓએ કોવિડ-સંબંધિત દવાઓ આપવામાં ભારતની ઉદારતા બદલ અને આફ્રિકન રાષ્ટ્રોમાં ડૉક્ટરોની ટીમો મોકલવા બદલ પ્રશંસા વ્યક્ત કરી હતી. કેટલાક મંત્રીઓએ ભારતીય અનુદાન સહાયત અંતર્ગત અથવા ભારત સરકાર દ્વારા પ્રદાન કરવામાં આવેલા રાહત દરનાં ધિરાણ અંતર્ગત તેઓનાં દેશોમાં સ્થાપિત કરવામાં આવેલી અમુક ચોક્કસ પરિયોજનાઓનાં વ્યાપની વિગતો આપી હતી. તેઓનાં નાગરિકો માટે ભારત દ્વારા પ્રદાન કરવામાં આવતા ક્ષમતા-નિર્માણ કાર્યક્રમો અંગે સસ્નેહ શબ્દોમાં તેઓએ વાત કરી હતી.

આફ્રિકન મંત્રીઓએ મહામારીની પ્રતિકૂળ અસરો અને તેઓનાં કેટલાક દેશોમાં કેટલાય વર્ષો બાદ પ્રથમ મંદી તરફ તે કેવી રીતે દોરી ગઇ હતી તે બાબતનો સ્પર્શ કર્યો હતો, અને તેઓએ 2019 માં આફ્રિકન કોન્ટિનેન્ટલ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (AfCFTA) અમલમાં આવવા પર અને ખંડ-વ્યાપી માર્કેટની સ્થાપના દ્વારા તેઓનાં દેશોમાં વ્યાપાર, રોજગારી અને રોકાણ વધવાની તેઓની આકાંક્ષાઓ પર તેઓનો સંતોષ પણ વ્યક્ત કર્યો હતો. પોતાની ટિપ્પણીઓમાં, વિદેશ મંત્રીએ આ મહત્વનાં FTA અમલમાં આવવાની બાબતનું સ્વાગત કર્યું હતું અને યાદ કર્યું હતું કે નાઇજરમાં યોજાયેલા AU શિખર સંમેલન બાદ તેણે કામગીરીનાં તબક્કામાં પ્રવેશ કર્યો હતો, જેનાં કેટલાક સત્રો ભારત સરકારની અનુદાન સહાયતા અંતર્ગત નિર્માણ પામેલા સ્ટેટ-ઑફ-આર્ટ કન્વેન્શન સેન્ટર એવા મહાત્મા ગાંધી ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટરમાં યોજાયા હતા.

પ્રારંભિક સત્રમાં આ કોન્ક્લેવનાં આયોજકો એવા CII નાં પ્રમુખ શ્રી ઉદય કોટક અને ઓક્ઝિમ બેંક ઑફ ઇન્ડિયાનાં મેનેજિંગ ડાઈરેક્ટર શ્રી ડેવિડ રાસ્ક્વિન્હાએ પણ સંબોધનો કર્યા હતા. આફ્રિકા-ઇન્ડિયા કોન્ક્લેવ આગામી બે દિવસો સુધી યોજવામાં આવશે અને 27 મંત્રીઓ દ્વારા સંબોધન કરવામાં આવશે, જે તેનાં 15-વર્ષનાં ઈતિહાસમાં સૌથી મોટી સંખ્યામાં મંત્રી સહભાગીઓને તેનાં દ્વારા આવકારનાર બનશે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 22, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.